ધી સર્વોદય નાગરીક સહકારી બેન્ક લી.

# મહિલા આર્ટસ કોલેજ

વિજાપુર રોડ,મેહતાપુરા,પો. સવગઢ, તા. હિંમતનગર-૩૮૩૨૨૦

વેબસાઇટ એડ્રેસ : www.sbmartscollege.org

## જૂનિયર ક્લર્ક ભાગ-૧ MCQ પરીક્ષા માટે ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ

પરીક્ષા તારીખ: ૧૪/૧૨/૨૦૨૫

૧. આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે. જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટનો રહેશે.

૨. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

૩. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતો હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ E આપેલ છે.

૪. ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજિયાત છે.

૫. પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧(એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ(E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહી.
- જવાબચાવી(Answer Key) ફાઇનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક(૧) ગુણ મળવાપાત્ર થશે.

૬. ઉમેદવાર વાદળી/કાળી બોલ પોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહી તથા સફેદ શાહી,બ્લેક કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

૭. પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય,કાપલી,મોબાઈલ ફોન ,પેજર,કેલ્ક્યુલેટર,બ્લૂટૂથ,સ્માર્ટવોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮. પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત અવાજ કરવો કે નિરીક્ષણની સૂચનાઓનું ઉલ્લઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતિ કરવી તે ગેરશિસ્ત ગણાશે.

૯. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરિક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦. પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧. ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સૂચનાઓ આપવામાં આવે તો ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર ક્રમ હાજરીપત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોંટાડી સાથે ફરજિયાત લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ,ડ્રાઇવિંગ લાઇસન્સ,પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્રની ઓરિજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

૧૪. નિર્ધારિત પરીક્ષા સામે કરતાં ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હજાર થવાનું રહેશે.

૧૫. આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો,કાગળ,સાહિત્ય તથા મોબાઈલ,કેલકયુલેટર,પેનડ્રાઇવ,સી.ડી. વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬. પરીક્ષા શરૂ થાય પછીથી પ્રવેશ મળી શકશે નહી. ૧૭ ઉમેદવાર પરીક્ષાખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહી.

ઇન્ચાર્જ આચાર્ય
ધી સર્વોદય નાગરીક સહ.બેંક લી.
મહિલા આર્ટસ કોલેજ
હિંમતનગર

૧૭. ચેતવણીઃ સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીઓ/કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ,લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરશે.

૧૮. વિશેષ સૂચનાઃ- ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચારે તેવા અસામાજિક તત્વોથી દૂર રેહવા સાવધાન કરવામાં આવે છે.

૧૯. પરીક્ષાનું માળખું,તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ કોલેજ વેબસાઇટ www.sbmartscollege.org પર મૂકવામાં આવશે.

૨૦. લાયક પ્રથમ ૦૭ ઉમેદવારોને કોલ લેટર ટપાલ દ્વારા મોલકવામાં આવશે.

ઈન્ચાર્જ આચાર્ય
ધી સર્વોદય નાગરીક સહ.બેંક લી.
મહિલા આર્ટસ કોલેજ
હિંમતનગર

## જુનિયર ક્લર્ક વર્ગ-૩ બિનઅનામત(OPEN)ની ભરતી માટેની પાર્ટ-૧ની લેખિત પરીક્ષાની સૂચનાઓ

DATE OF EXAM: 14/12/2025 SUNDAY TIME: 10.00 AM TO 12.00 NOON

1. પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.
2. નિયત સમય પહેલા એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.
3. ગુજરાત સરકાર અને યુનિવર્સિટીના ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક કવટ/isc3/વર્ગ-3/NOC/23034-36, તા. ૨૦/૦૯/૨૦૨૫ની શરતોને આધિન રહેશે.
4. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.
5. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહીં અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી.
6. દરેક ઉમેદવારે ફોટો આઈ. ડી. સાથે લાવવું ફરજિયાત છે અન્યથા પરીક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહી.
7. ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લ્યુ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી.
8. આ લેખિત પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ રહેશે.
9. ભાગ-૧ની પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૦૧(એક) ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે.
10. પરીક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
11. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
12. ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કિંગ પધ્ધતિ લાગુ પડશે.
13. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકાશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી.
14. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી(નેગેટીવ માર્કિંગ) કરવામાં આવશે.
15. ભાગ-૧ની લેખિત પ્રાથમિક પરીક્ષામાં ઉતીર્ણ થનાર પ્રથમ ૦૭(સાત) ઉમેદવારોને "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ મુખ્ય લેખિત વર્ણાત્મક(Descriptive) પરીક્ષા લેવામાં આવશે, જેની જાણ પછીથી કરવામાં આવશે.

ઈનચાર્જ આચાર્ય
ધી સર્વોદય નાગરીક સહ.બેંક લી.
મહિલા આર્ટસ કોલેજ
હિંમતનગર